(1) ભારત એર ફાઈબર (Air Fibre) સેવા વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો.

(1) તાજેતરમાં દિલ્હીમાં આ સેવાનું ઉદ્દઘાટન કરવામાં આવ્યું છે.
(2) આ સેવા BSNL દ્વારા શરૂ કરવામાં આવી છે.
(3) આ સેવામાં BSNLના 'પોઈન્ટ ઓફ પ્રેઝન્સ'થી 20KMની રેંજમા વાયરલેસ કનેકટીવિટી આપવામાં આવશે.
(4) આ સેવામાં અનલિમિટેડ ફ્રી વોઈસ કોલીંગનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે.

(A) માત્ર (1), (2) અને (3)
(B) માત્ર (2), (3) અને (4)
(C) માત્ર (1) અને (4)
(D) આપેલ તમામ

⇛ જવાબ :- B

**સમજૂતી :**

⇛ તાજેતરમાં મહારાષ્ટ્રના અકોલામાં ભારત એર ફાઈબર સેવાનું ઉદ્દઘાટન કરવામાં આવ્યું છે. આ દ્વારા તે વિસ્તારના રહેવાસીઓને વાયરલેસ ઈન્ટરનેટ કનેકશન મળી શકશે. (આથી, વિધાન (1) ખોટું છે.)

⇛ આ સેવા BSNL (ભારત સંચાર નીગમ લિમિટેડ) દ્વારા ડિજિટલ ઈન્ડિયાના ભાગરૂપે શરૂ કરવામાં આવી છે. (આથી, વિધાન (2) સાચું છે.)

⇛ આ અંતર્ગત BSNL તેમના પોઈન્ટ ઓફ પ્રેઝન્સથી 20KMની રેંજના વિસ્તારમાં ફાઈબર–ટુ–ધ–હોમ (FTTH) વાયરલેસ કનેકટીવિટી આપશે. (આથી, વિધાન (3) સાચું છે.)

⇛ ભારતના અર્થતંત્રની વર્તમાન પરિસ્થિતિઓના કારણે વર્ક–ફ્રોમ–હોમની પ્રવૃત્તિમાં વધારો થતાં તથા અન્ય વિવિધ સેવાઓ ઓનલાઈન થતાં બ્રોડબેન્ડની માંગમાં વધારો થયો છે.

⇛ BSNL દુર્ગમ વિસ્તારોના ગ્રાહકોને રેડિયો તરંગ દ્વારા હાઈ–સ્પીડ બ્રોડબેન્ડની સેવા આપશે.

⇛ ભારત એર ફાઈબરમાં 100Mbpsની ઝડપ, વિવિધ પ્લાન્સ તથા અનલિમિટેડ ફ્રી વોઈસ કોલીંગનો સમાવેશ થાય છે. (આથી, વિધાન (4) સાચું છે.)

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## (2) ઈલેક્ટ્રોનિક્સ ઉત્પાદકો માટેની PLI (પ્રોડક્શન લિંક્ડ ઈન્સેન્ટીવ) યોજના વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) આ યોજના ઈલેક્ટ્રોનિક્સ અને ઈન્ફોર્મેશન ટેક્નોલોજી મંત્રાલયની છે.

(2) આ યોજના આત્મનિર્ભર ભારતનો ભાગ છે.

(3) જે મોબાઈલ ફોન ઉત્પાદકો રૂ. 15,000 કે તેથી વધુ કિંમતના ફોન વેંચે છે તેમને આ ઈન્સેન્ટીવ મળવાપાત્ર છે.

(4) આ ઈન્સેન્ટીવ વેંચાણ આધારીત છે.

(A) માત્ર (1), (2) અને (3)  (B) માત્ર (2) અને (4)

(C) માત્ર (1), (3) અને (4)  (D) આપેલ તમામ

⇛ **જવાબ :- C**

**સમજૂતી :**

⇛ વિશ્વની મોટી–મોટી ઈલેક્ટ્રોનિક્સ કંપનીઓ (સેમસંગ, ફોક્સકોન) ભારતમાં મોબાઈલ ફોનના ઉત્પાદન માટેની PLI યોજના દ્વારા મળતાં લાભ વિશે નિર્ણયો લઈ રહી છે. અને ત્યારબાદ તેઓ તેમનું ઉત્પાદન ભારતમાં કરશે.

⇛ PLI (પ્રોડક્શન લિંક્ડ ઈન્સેન્ટીવ) યોજના એ ઈલેક્ટ્રોનિક્સ અને ઈન્ફોર્મેશન ટેક્નોલોજી મંત્રાલયની છે. (આથી, વિધાન (1) સાચું છે.)

⇛ આ યોજના 1 એપ્રિલના રોજ નેશનલ પોલિસિ ઓન ઈલેક્ટ્રોનિક્સના ભાગરૂપે શરૂ કરવામાં આવી હતી. (આથી, વિધાન (2) ખોટું છે.)

⇛ આ યોજના હેઠળ વધતાં જતાં વેંચાણ (Incremental Sales) મુજબ, 5 વર્ષ માટે 4 થી 6% જેટલું ઈન્સેન્ટીવ લાયકાત ધરાવતી કંપનીઓને આપવામાં આવશે. (આથી, વિધાન (4) સાચું છે.)

⇛ લાયકાત : એવી મોબાઈલ કંપનીઓ કે જે રૂ. 15,000 કે તેથી વધુ કિંમતના ફોન વેંચે છે તેમને ભારતમાં બનતા દરેક મોબાઈલ ફોન માટે ઈન્સેન્ટીવ મળવાપાત્ર થશે. (આથી, વિધાન (3) સાચું છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## (3) ગોરખા સિપાહીઓ વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો.

(1) બ્રિટીશરોએ સૌપ્રથમ વખત ઈ.સ. 1815માં ગોરખા સિપાહીઓની નિમણૂક કરવાનું નક્કી કર્યું હતું.
(2) ભારતની આઝાદી બાદ ગોરખા રેજિમેન્ટ માટે બ્રિટન–ભારત–નેપાળ વચ્ચે એક ત્રિપક્ષીય કરાર થયો હતો.
(3) આ કરાર મુબજ, ભારત અને યુનાઈટેડ કિંગ્ડમ વચ્ચે ગોરખા રેજિમેન્ટની વહેંચણી કરવામાં આવી હતી.
(4) વર્તમાન સમયે પણ ગોરખા સિપાહીઓ બ્રિટીશ મિલિટરીમાં સેવાઓ આપે છે.

(A) માત્ર (1), (2) અને (3)
(B) માત્ર (2), (3) અને (4)
(C) માત્ર (1) અને (4)
(D) આપેલ તમામ

⇛ **જવાબ :- D**

**સમજૂતી :**

⇛ તાજેતરમાં નેપાળના વિદેશ મંત્રીએ જણાવ્યું છે કે, 1947નો ગોરખા સૈનિકો વિશેનો ત્રિપક્ષીય કરાર હવે નિરર્થક બન્યો છે.

⇛ 1814-16ના એંગ્લો–નેપાળી યુદ્ધ બાદ બ્રિટીશરોએ 1815માં સૌપ્રથમ વખત ગોરખા સૈનિકોની ભરતી કરવાનો નિર્ણય કર્યો હતો. (આથી, વિધાન (1) સાચું છે.)

⇛ ભારતની આઝાદી પછી 10 ગોરખા રેજિમેન્ટનો પ્રશ્ન ત્રિપક્ષીય કરાર દ્વારા ઉકેલાયો હતો. આ કરાર બ્રિટન–ભારત–નેપાળ વચ્ચે થયો હતો. (આથી, વિધાન (2) સાચું છે.)

⇛ કરાર હેઠળ, ભારત તથા યુનાઈટેડ કિંગ્ડમ વચ્ચે ગોરખા રેજિમેન્ટની વહેંચણી કરવામાં આવી હતી. (આથી, વિધાન (3) સાચું છે.)

⇛ વર્તમાન સમયે બ્રિટીશ સેનામાં ગોરખાની સંખ્યા 3% જેટલી છે. (આથી, વિધાન (4) સાચું છે.)

⇛ ભારતના આર્મી ચિફને નેપાળ આર્મીમાં 'જનરલ' તરીકેની માનદ પદવી પણ આપવામાં આવે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

**(4) National Transit Pass System (NTPS) વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો.**

(1) આ એક ઓનલાઈન પરિવહન પાસ જનરેશન સિસ્ટમ છે.

(2) આ સિસ્ટમ સડક પરિવહન મંત્રાલય દ્વારા લોંચ કરવામાં આવી છે.

(3) આ સિસ્ટમનો પાયલટ પ્રોજેકટ મહારાષ્ટ્ર, બિહાર તથા ઉત્તરપ્રદેશમાં કાર્યરત થશે.

(4) આ પાસ માત્ર સંબંધિત રાજ્યો માટે જ માન્ય ગણાશે.

(A) માત્ર (1)
(B) માત્ર (1), (2) અને (4)
(C) માત્ર (2) અને (3)
(D) માત્ર (3) અને (4)

⇛ જવાબ :- A

**સમજૂતી :**

⇛ NTPS (National Transit Pass System)એ એક ઓનલાઈન પરિવહન પાસ જનરેશન સિસ્ટમ છે. (આથી, વિધાન (1) સાચું છે.)

⇛ આ પાસ ટિમ્બર, વાંસ તથા અન્ય વન પેદાશ માટેનો છે.

⇛ આ સિસ્ટમનું લોંચીંગ તાજેતરમાં કેન્દ્રીય પર્યાવરણ મંત્રાલય દ્વારા કરવામાં આવ્યું હતું. (આથી, વિધાન (2) ખોટું છે.)

⇛ આ સિસ્ટમનો પાયલટ પ્રોજેકટ મધ્યપ્રદેશ તથા તેલંગાણામાં કાર્યરત થશે. (આથી, વિધાન (3) ખોટું છે.)

⇛ સૌપ્રથમ વ્યકિતએ આ સિસ્ટમમાં રજિસ્ટર કરવું પડે છે અને ત્યાર બાદ પાસ માટે અરજી કરવી પડે છે. આ અરજી સંબંધિત ‘રેંજ ફોરેસ્ટ ઓફિસ’ને મોકલવામાં આવે છે અને અંતે વેરીફિકેશનન બાદ પાસ આપવામાં આવે છે.

⇛ આ દ્વારા પાસ આપવાની પ્રક્રિયામાં ઝડપ આવશે તથા ઈસ્યુ થયેલો પાસ સમગ્ર ભારતમાં માન્ય ગણાશે. પરિણામે વનપેદાશોની અવરોધવિહીની હેરફેર થઈ શકશે. (આથી, વિધાન (4) ખોટું છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## (5) ઈન્દિરા રસોઈ યોજના વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો.

(1) આ યોજના છત્તીસગઢ સરકાર દ્વારા શરૂ કરવામાં આવી છે.
(2) યોજના હેઠળ ગરીબ તથા જરૂરિયાતમંદ લોકોને 8 રૂપિયા પ્રતિ થાળી આરોગ્યપ્રદ ભોજન આપવામાં આવશે.
(3) યોજના હેઠળ હરતાં–ફરતાં રસોઈઘર હશે. જે લોકોનો સંપર્ક કરીને તેમને ભોજન પહોંચાડશે.
(4) યોજના હેઠળ મ્યુનિસિપાલ કોર્પોરેશનમાં રસોઈઘરની સંખ્યા માટે કોઈ મહત્તમ કે ન્યુનત્તમ સીમા નથી.

(A) માત્ર (1), (2) અને (4) (B) માત્ર (2)
(C) માત્ર (3) અને (4) (D) માત્ર (2) અને (3)

⇛ **જવાબ :- B**

**સમજૂતી :**

⇛ તાજેતરમાં રાજસ્થાન દ્વારા ઈન્દિરા રસોઈ યોજના શરૂ કરવામાં આવી છે. (આથી, વિધાન (1) ખોટું છે.)

⇛ યોજના હેઠળ ગરીબ તથા જરૂરિયાતમંદ લોકોને 8 રૂપિયા પ્રતિથાળી આરોગ્યપ્રદ તથા પોષકતત્ત્વો યુકત ભોજન આપવામાં આવશે. (આથી, વિધાન (2) સાચું છે.)

⇛ આ યોજનામાં કોઈ હરતી–ફરતી વાનમાં રસોઈઘર નહીં હોય પરંતુ એક સ્થાયી રસોઈઘર સ્થાપવામાં આવશે. અહીં, લોકો માટે બેસીને જમવાની વ્યવસ્થા પણ કરવામાં આવશે. (આથી, વિધાન (3) ખોટું છે.)

⇛ સરકારને એક થાળીનો ખર્ચ 20 રૂપિયા થશે. જે પૈકી 12 રૂપિયા સરકાર દ્વારા આપવામાં આવશે.

⇛ યોજના હેઠળ મ્યુનિસિપાલ્ટીમાં 2 રસોઈઘર, શહેરી પરિષદમાં 5 અને મ્યુનિસિપાલ કોર્પોરેશનમાં મહત્તમ 8 રસોઈઘરનું નિર્માણ કરવામાં આવશે. (આથી, વિધાન (4) ખોટું છે.)

⇛ રસોઈઘરનું નિર્માણ સરકારી ઈમારત અથવા તો NGOની ઈમારતમાં કરવામાં આવશે.

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

**સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે નીચે આપેલા અમારા**

Social Media Icon **પર** Click **કરો.**

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

YouTube
ICE RAJKOT

Instagram
ICE RAJKOT

Facebook
like | comment | share
ICE RAJKOT

twitter
ICE RAJKOT